જુથ યોજનાઓની મરામત અને
નિભાવણી બાબતે

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
પરિપત્ર ક્રમાંક: મોની સેલ/જુથ યોજના/મ.અ.નિ/ ૧૨૭
મોનીટરીંગ સેલ, બોર્ડ કચેરી,
ગાંધીનગર
તા: ૨૩-૦૧-૨૧

Technical Cell
In..No. ૮૫૫
Date : ૨૫/૦૧/૨૦૨૧

વિષય : બોર્ડ હસ્તકની જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણી કરતી એજન્સીની કામગીરીના મુલ્યાંકન

સંદર્ભ: બોર્ડના સભ્ય મંડળની ૨૮૦મી બેઠકની કાર્યવાહી નોંધના ઠરાવ નં ૬.

પરિપત્ર:-

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણીની કામગીરી કરવામાં આવે છે. તા: ૩૦/૯/૨૦૨૦ના રોજ બોર્ડ બેઠકમાં બોર્ડ હસ્તકની જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણી કરતી એજન્સી ની કામગીરીના મુલ્યાંકન બાબતે ઠરાવેલ હતુ જેની કાર્યવાહી નોંધ તા: ૧૩-૧૦-૨૦૨૦ના રોજ બહાર પાડવામાં આવેલ હતી.

ઉક્ત ઠરાવની અમલવારી કરવા માટે ઇ.આર.પી સોફ્ટવેરમાં મરામત અને નિભાવણીનું મોડ્યુલ કાર્યરત છે.

તાજેતરમાં જ જીલ્લા કક્ષાની રીવ્યુ મીટીંગમાં જાણવા મળેલ કે અમુક યોજનાઓમાં સીવીલ અને યાંત્રીક મરામત અને નિભાવણીના અલગ ટેંડરો બહાર પાડેલ છે. ઉક્ત પધ્ધતીથી પાણી વિતરણની જવાબદારી માટે કોઇ એક ચોક્કસ ઠેકેદારને જવાબદાર ગણી શકાય નહી અને પાણી વિતરણની સેવાઓ સંતોષકારક આપી શકાય નહીં.

બોર્ડ હસ્તકની તમામ જુથ પાણી પુરવઠા યોજનાઓનું વર્ગીકરણ કરવામાં આવેલ છે, મરામત અને નિભાવણી સાથે સંકળાયેલ ઠેકેદારોની કામગીરીનું પણ મુલ્યાંકન કરવામાં આવનાર છે. મુલ્યાંકનની કામગીરી સરળતાથી કરવા માટે પણ સમગ્ર જુથ યોજનાની મરામત અને નિભાવણીની તમામ કામગીરી (સીવીલ + ઇલેક્ટ્રોમેકેનીકલ + અન્ય તમામ ઘટકો) એક જ ઠેકેદારને સોંપવુ હિતાવહ છે.

EE
VND

આથી સુચના આપવામાં આવે છે કે, જુથ પાણી પુરવઠા યોજનાઓની મરામત અને નિભાવણીની કામગીરી માટેનું સંયુક્ત ટેંડર મેળવી એક જ ઠેકેદારને સોંપવાનું રહેશે. જે યોજનાઓમાં કેપીટલ વર્ક્સ + ૫ વર્ષની મરામત અને નિભાવણીની જોગવાઇ છે તેમાં ૫ વર્ષના મરમાત અને નિભાવણીની સમય અવધી પુર્ણ થયેથી ઉક્ત પરીપત્રનો અમલ કરવાનો રહેશે. એક કરતા વધુ જીલ્લાઓને આવરી લેતી જુથ યોજનાના કીસ્સામાં, ભૌગોલીક પરીસ્થીતી તથા ક્ષેત્રીય કચેરીઓના કાર્યક્ષેત્રને ધ્યાને રાખી, સંબંધીત મુખ્ય ઇજનેરશ્રીના પરામર્શમાં રહી નિર્ણય કરવાનો રહેશે.

(ડી.જી.રામચંદાણી)
મુખ્ય ઇજનેર
મોનીટરીંગ સેલ

નકલ સવિનય રવાના:

૧) માન. અધ્યક્ષશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨) માન. સભ્ય સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ જય ભારત સહ રવના:

૧) મુખ્ય ઇજનેરશ્રી (તમામ) તરફ જાણ તથા અમલ સારૂ. SE, TECHCELL

૨) નાણા નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.